કળીયુગમાં કૃષ્ણભક્તિ જ પરમાત્મા સુધી પહોંચવાનો સરળ માર્ગ છે

સેક્ટર-૧ સમદર્શન આશ્રમ ખાતે પૂજ્ય ગુરૂમાની શ્રીમદ્ ભાગવત કથાનો મંગલ પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૦

સમદર્શન આશ્રમ, સેક્ટર-૧, ગાંધીનગર ખાતે પૂ. ગુરુમાના વ્યાસપીઠે તા. ૨૧ થી ૨૭ ડિસેમ્બર, ૨૦૧૩ સુધી યોજાયેલ શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞની પૂર્વસંધ્યાએ સેક્ટર-૧ ખાતેથી પોથીયાત્રા નીકળીને કથાસ્થાને આવી હતી અને વ્યાસપીઠે પોથીજીની પધરામણીએ કરવામાં આવી હતી. પોથીયાત્રામાં ગાંધીનગરના નગરપતિશ્રી મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડિંગ સમિતિના ચેરમેન શ્રી આશિષ દવે, કમિશનરશ્રી લલિતભાઈ પાડલિયા તથા અન્ય મહાનુભાવો, સાધુસંતો તેમજ બહોળી સંખ્યામાં નગરના ભાવિકો જોડાયા હતા. સુમધુર સંગીતના તાલે ભજન-કીર્તન સાથેની પોથીયાત્રા કથાસ્થાને આવતાં ભવ્ય સ્વાગત કરી, વ્યાસપીઠે પધરામણી કરવામાં આવેલ. શ્રી કિરીટ અધ્વર્યુ પરિવાર પોથી યજમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : દિપક જાની)

આજે પ્રથમ દિવસે તા. ૨૧-૧૨-૨૦૧૩ના રોજ સવારે ૯.૦૦ વાગ્યે કથાનો શુભારંભ થયો હતો. કથાના મુખ્ય યજમાન પરિવાર ડૉ. સંજીવ હરિભક્તિ પરિવાર, આજના વિશેષ અતિથિ તરીકે રાજ્યના શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા મુખ્ય મહેમાન તરીકે વિધાનસભાના અધ્યક્ષશ્રી વજુભાઈ વાળા, નાણા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી ડૉ. હસમુખભાઈ અઢિયા, ટેકનીકલ શિક્ષણ કમિશનર શ્રીમતિ જયંતી રવિ, બેંગાલુરુના તેમજ પોરબંદરના સંતો ઉપસ્થિત રહ્યા હતા.

કથાવાંચનનો શુભારંભ કરતાં પોતાની સરલ ભાષામાં અને રસમધુર શૈલિમાં પૂ. ગુરુમાએ ભાગવત મહાત્મ્ય સમજાવતાં અને મંગલાચરણ કરતાં ભાગવત કથાની પરંપરા કોનાથી તથા કેવી રીતે અને ક્યારે આરંભ થઈ તે વિશે સમજાવ્યું અને જણાવ્યું કે ભાગવત એક સંપૂર્ણ ગ્રંથ છે. જીવનમાં આવતા દરેક પ્રસંગ વિશે તેમાં વિશદ છણાવટ કરવામાં આવી છે. જીવનનાં દરેક પાસાંને તે સ્પર્શે છે. ભાગવત એક અદભૂત સંપૂર્ણ ગ્રંથ છે, સારભૂત ગ્રંથ છે અને સ્વયં નારાયણ દ્વારા સ્વમુખે તે સંભળાવવામાં આવેલ છે. તેમાં કર્મ, ભક્તિ, જ્ઞાન તથા વ્યાવહારિક બાબતોને વણી લેવામાં આવી છે. વેદાંત જ્ઞાનનો તે ભંડાર છે. તેમાં જીવન જીવવાની ચાવી છે અને ચરિત્રનિર્માણની વાત સમજાવવામાં આવી છે. ઉપરાંત, ઉપનિષદ અનુસાર અપરા તથા પરા પ્રકૃતિ વિશે સમજૂતિ આપી હતી.

પૂજ્ય ગુરુમાએ ભાગવતના મુખ્ય દેવતા શ્રી કૃષ્ણના ભોગી તથા યોગી સ્વરૂપ અંગે વિસ્તૃત સમજૂતિ આપી હતી. શ્રીકૃષ્ણ એક પૂર્ણ પુરુષોત્તમ, વિલક્ષણ અને વિરોધાભાસી વ્યક્તિત્વ છે. અને સદીઓથી તેઓ લોકજીવનમાં કેવી રીતે છવાયેલા રહ્યા છે તે જણાવ્યું હતું. કૃષ્ણકથાની એક વિશિષ્ટતા એ છે કે એને જ્યારે પણ ફરીવાર સાંભળીએ ત્યારે નવતર લાગે છે, તેમાંથી કંઈક નવું જ લાધે છે, કંટાળો તેનાથી જોજનો દૂર રહે છે. કલિયુગમાં કૃષ્ણભક્તિ એ જ પરમાત્માને પામવાનું શ્રેષ્ઠ અને સરળ સાધન છે. પરમાત્મા સમસ્ત બ્રહ્માંડનું અધિષ્ઠાન છે અને સચ્ચિદાનંદ સ્વરૂપ છે. ઉપરાંત, નૈમિષારણ્યનું મહત્વ બતાવ્યું હતું. ભક્તિની ઉત્પત્તિ દ્રવિડ દેશ દક્ષિણ ભારતમાં થઈ અને ક્રમે ક્રમે તે ઉત્તર તરફ આવી તે સમજાવ્યું. રૂપાત્મક રીતે આત્મદેવ, ધુંધુલિ, ધુંધુકારી તથા ગોકર્ણની કથા સમજાવી ભાગવત કથાનો મહિમા બતાવ્યો હતો.

ભાગવત કથાનું આયોજન શાસ્ત્રોક્ત રીતે કેવી રીતે કરવું તે અંગે વિસ્તૃત સમજૂતિ આપી કથાને મધ્યાહ્ને વિરામ આપ્યો હતો.

પાણી-ગટર વેરાની વસુલાત કડક બનાવાશે

બાકીદારોને નોટીસ આપી વેરો વસુલવા કારકુનોને જવાબદારી : બાકીદારો પાસે તંત્ર હવે પઠાણી ઉઘરાણી કરશે

ગાંધીનગર, તા.૨૧

શહેરના જૂના સેક્ટરો તેમજ સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં પાણી-ગટર વેરાની બાકી વસુલાત માટે તંત્ર દ્વારા હવે પઠાણી ઉઘરાણી કરવામાં આવશે. આ મામલે તંત્ર કક્ષાએથી બાકીદારોની યાદી તૈયાર કરી ડોર ટુ ડોર વેરો વસુલવા કારકુનોને જવાબદારી સોંપવામાં આવી છે. વેરો નહીં ભરપાઈ કરનાર બાકીદારોના જોડાણ કાપવા સુધીના પગલા લેવાશે.

શહેરમાં પાણી-ગટર વેરાની વસૂલાત ઝૂંબેશના અંતે પણ તંત્રના ચોપડે અડધા કરોડથી વધુ રકમનું માંગણુંબાકી છે. શહેરના સેક્ટરો તેમજ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામડાઓ સહિત પાણી-ગટરના ૩૦ હજાર જેટલા જોડાણકર્તાઓ છે. ગત માર્ચ મહીના દરમિયાન હાથ ધરાયેલી વસુલાતના અંતે પણ ૪૦ ટકા જોડાણકર્તાઓનો વેરો ભરપાઈ ન થતો હોવાનો અંદાજ છે. આગામી ફેબ્રુઆરી મહીનામાં એડવાન્સ વેરો વસુલવા તંત્ર દ્વારા બીલ તૈયાર કરવા એજન્સીને કામ સોંપવા આયોજન હાથ ધરી દેવાયું છે. જયારે આ પૂર્વે વસુલાત ક્ષેત્રે બાકીદારોની સંખ્યા વિશેષ હોવાનું ધ્યાને આવતા તંત્ર કક્ષાએથી બાકીદારોની યાદી તૈયાર કરી દેવાઈ છે. બાકી વસુલાતક્ષેત્રે અંદાજિત અડધા કરોડની રકમ વસુલવા કવાયત હાથ ધરવામાં આવી છે. બાકી વેરાની તોતિંગ રકમ વસુલવા તંત્ર દ્વારા બાકીદારોનો ડોર ટુ ડોર સંપર્ક કરી વેરો ભરી દેવા નોટીસ આપવામાં આવી રહી છે. જયારે આ માટે પાટનગર યોજના ભવનના કારકુનોને જવાબદારી સોંપવામાં આવી છે. બાકીદારોને જાણ કર્યા બાદ બે દિવસમાં વેરો નહી ચુકવનારના જોડાણ પણ કટ ઓફ કરી દેવાશે.

ગાંધીનગર પોલીસની વેબસાઈટ લોન્ચ કરાઈ

અરજદારની અરજીનું સ્ટેટસ એસ.એમ.એસ. દ્વારા આપી દેવાશે : વેબસાઈટમાં પોલીસની હદથી માંડીને જરૂરી નોટીફીકેશન તથા ફોર્મ અને અધિકારીઓની વિગતોનો પણ સમાવેશ

ગાંધીનગર, તા. ૨૧

સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા નાગરીકોની સરળતા માટે એક ઓફીશીયલ વેબસાઈટ તૈયાર કરવામાં આવી છે. આજે રેન્જ ડીઆઈજી દ્વારા વેબસાઈટનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. કોઈપણ નાગરિક દ્વારા કરવામાં આવેલી અરજીની તપાસ કોની પાસે છે ? અને તેના નામ-નંબરની વિગતો ઉપરાંત તપાસ કેટલે પહોંચી તે તમામ બાબતોની એસ.એમ.એસ. દ્વારા જાણ કરવાનો પણ પ્રોજેક્ટ અમલી બનાવાયો છે. જ્યારે વેબસાઈટમાં પોલીસ અધિકારીથી માંડીને જરૂરી નોટીફીકેશન સહિતની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સામાન્ય ગુનાઓની ઓનલાઈન ફરીયાદ કરવા, પોલીસની વિવિધ કામગીરી જાણવા, પોલીસ સ્ટેશન તથા પોલીસ અધિકારીઓના સંપર્ક સહિતની વિવિધ માહિતિસભર વેબસાઈટ www.gandhinagar police.com નું લોન્ચિંગ ગાંધીનગર ડીએસપી કચેરી સે. ૨૮ ખાતે રેન્જ ડીઆઈજી રાજીવરંજન ભગત દ્વારા કરવામાં આવ્યું હતું. આ વેબસાઈટમાં વિવિધ નોટીફીકેશન તથા મકાન ભાડુઆત તથા ઘરઘાટી અંગે સ્થાનિક પોલીસમથકે કરવી પડતી જાણ અંગેના ફોર્મ સહિતની વિવિધ જરૂરી માહિતી આ વેબસાઈટમાં સમાવવામાં આવી છે. ડીએસપી શરદ સિંઘલના જણાવ્યાનુસાર અંગ્રેજી ભાષામાં શરૂ કરવામાં આવેલી આ વેબસાઈટ ગુજરાતી ભાષામાં લોન્ચ કરવા માટેની પણ ગતિવિધિઓ ચાલી રહી છે.

(તસવીર : વિપુલ ચૌહાણ)

ડીએસપી કચેરી ખાતે એક કેબીન બનાવવામાં આવી છે. જેમાં એક વ્યક્તિ સેવામાં હાજર રહેશે અને પી.આર.ઓ. તરીકેની ફરજ અદા કરશે. દરેક અરજદારોને યોગ્ય માહિતી આપશે અને અરજીનું સ્ટેટસ અરજદાર સુધી એસ.એમ.એસ. મારફતે પહોંચાડશે. જો કોઈ અરજી ૨૫ દિવસથી વધુ સમયથી પેન્ડીંગ થશે તો તે અરજી અંગે ડીવાયએસપી તથા પીઆઈને પણ રીમાઈન્ડર એસએમએસ કરી તે અરજીનો નિકાલ કરવા સુચન કરવામાં આવશે.

તીવ્ર ઠંડીમાં શાળાનો સમય મોડો કરવામાં વિલંબ

શાળા કક્ષાએથી સમયમાં ફેરફાર ન થતા મોર્નિંગ સ્કૂલના વિદ્યાર્થીઓ દયાજનક સ્થિતિમાં

ગાંધીનગર, તા.૨૧

સમગ્ર રાજયમાં ગાંધીનગર સૌથી ઠંડુ શહેર હોવાનું સ્પષ્ટ થયું છે. ન્યુનતમ પારો ૮ ડીગ્રીથી પણ નીચે ઉતરી જતા નાગરિકો બરફીલી ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે. આવા સંજોગોમાં વહેલી સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓએ પણ ઠંડીમાં ઠુંઠવવાનો વારો આવ્યો છે. બીજી તરફ શાળા કક્ષાએથી મોર્નિંગ સ્કૂલના સમયમાં ફેરફાર ન થતા વાલીઓમાં પ્રબળ રોષ પ્રર્વત્યો છે. શાળાનો સમય બદલવા જિલ્લા શિક્ષણ તંત્ર કક્ષાએથી પણ જવાબદાર શાળાઓને આદેશ ન થતા કાતિલ-ઠંડી અને ધુમ્મસ, વચ્ચે સ્ટુડન્ટસની હાલત દયનીય બની છે.

શિયાળો આક્રમક બનતા ઠંડીના તીખા તેવરથી શહેરી જનજીવન પ્રભાવિત થયું છે. કાતિલ ઠંડીથી બચવા નગરજનો ઘરમાં પૂરાઈ રહેવાનું પસંદ કરે છે. વહેલી સવારે અને સાંજ ઢળતા જ માર્ગો પર સન્નાટો છવાઈ જાય છે. આવા સંજોગોમાં સવારની અસહ્ય ઠંડી અને ધુમ્મસ વચ્ચે શાળાએ જતા વિદ્યાર્થીઓની હાલત દયાજનક બની છે. મોર્નિંગ સ્કુલના સમયમાં ફેરફાર કરવાની પ્રબળ માંગના અંતે પણ શાળા કક્ષાએથી ઠંડીમાં ધ્રુજતા વિદ્યાર્થીઓનો વિચાર કરવામાં આવતો નથી. આ મામલે શિક્ષણ તંત્ર પણ શાળાઓને સમયમાં ફેરફાર કરવાની છૂટછાટ આપી દેવાઈ હોવાનું જણાવી શાળાના આચાર્યો પર સમગ્ર મામલો ઢોળી દેવાયો છે. આ સ્થિતિ વચ્ચે ઠંડીમાં લાચારી અનુભવતા વિદ્યાર્થીઓને ધ્યાને લઈ તાત્કાલિક સમયમાં ફેરફાર કરવા જિલ્લા શિક્ષણાધિકારીએ યોગ્ય પગલા લેવાની અનિવાર્યતા ઉભી થઈ છે.

લીલા નાળિયેરનું મીઠું પાણી પાચન માટે અત્યંત ઉપ્માદાયક હોય છે... નાળિયેરના પાક ઉત્પાદનમાં થયેલા વધારાના પગલે ગાંધીનગરમાં પણ તેના મોટા મોટા ઢગલાઓ થયેલા જોવા મળે છે તો બીજી તરફ શિયાળામાં અનાનસ ખાવાની મજા જુદી હોય છે. તે પણ ગાંધીનગરમાં બજારોમાં જોવા મળી રહ્યા છે.... (તસવીર : દિપક જાની)

સંત સરોવરના કાંઠાનું કામ પૂર્ણ થયા બાદ દરવાજા લગાવાશે

જુલાઈમાં પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ થશે : સપ્ટેમ્બરમાં સમગ્ર યોજના આખરી થઈ જશે

ગાંધીનગર, તા.૨૧

સંત સરોવર યોજના અન્વયે સરીતા ઉદ્યાન નજીકની સાઈટ પર હાલ બે કાંઠા તેમજ પિલ્લરો બાંધવાનું કામ ચાલી રહ્યું છે. આગામી જુલાઈ મહીના સુધીમાં આ કામગીરી પૂર્ણ કરી દેવાશે. ત્યારબાદ બેરેકના દરવાજા બનાવાશે. આગામી સપ્ટેમ્બર મહીના સુધીમાં સંત સરોવરની યોજનાનું કામ પૂર્ણ કરી દેવાશે.

પાણીની વધતી જરુરિયાત તેમજ ભૂગર્ભ જળના તળ ઉંચે લાવવા ઈન્દ્રોડા ગામ પાસે સંત સરોવર રીચાર્જ યોજનાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. અગાઉ વર્ષ ૨૦૦૬માં ભારે વરસાદ દરમિયાન સંત સરોવર તૂટયા બાદ પાંચ વર્ષથી વધુ સમયના અંતે આ યોજનાનું કામ પુનઃ હાથ ધરવામાં આવ્યું છે. પાણીની વધતી જરુરિયાત સામે ભૂગર્ભ જળના રીચાર્જીંગની પ્રક્રિયા પણ ધીમી પડી ગઈ છે. દર વર્ષે ભૂગર્ભ જળના તળ બે થી ત્રણ મીટર ઉંડા ઉતરતા જાય છે. જેના પરીણામે ઉંડાણેથી ક્ષારવાળું પાણી મળે છે. આવી પરિસ્થિતિમાં વરસાદી પાણીનો સંગ્રહ કરી રીચાર્જીંગની પ્રક્રિયા થઈ શકે તે માટે સંત સરોવરની યોજનાનું કામ હાલ પ્રગતિ હેઠળ છે. સંત સરોવરની સાઈટ પર હાલ ૪૫૦ જેટલા મજુરો કામ કરી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે યોજનાને લઈ હાલ સરીતા ઉદ્યાન નજીકની સાઈટમાં કાંઠા તેમજ પિલ્લરો બાંધવાનું કામ ચાલુ છે. સંત સરોવરના બેરેકની લંબાઈ ૪૩૪.૦૫ મીટર રાખવાનું આયોજન કરવામાં આવ્યું છે. સંત સરોવરના નિર્માણના પગલે શહેરની રમણિયતા વધશે. આ ઉપરાંત ગુડા હસ્તકના ૪૮૦૦ હેકટર જમીનમાં પાણી રીચાર્જ થતા ભૂગર્ભ જળના તળ ઉંચા આવશે. ખેડૂતોને સિંચાઈમાં ફાયદો થશે. આ યોજનાના લીધે બોરીજ, પાલજ, ઈન્દ્રોડા, શાહપુર, ધોળાકુવા અને ગાંધીનગર સહિતના વિસ્તારને લાભ થશે. પ્રથમ તબક્કામાં કાંઠા અને પિલ્લરો નિર્માણ કરવાની કામગીરી જુલાઈ સુધીમાં પૂર્ણ કરી દેવાશે. જયારે આગામી સપ્ટેમ્બર મહિના સુધીમાં સમગ્ર યોજનાનું કામ પૂર્ણ કરી દેવાશે. બીજા તબક્કાની કામગીરી દરમિયાન ૧૨ કરોડના ખર્ચે બેરેકના દરવાજા લગાવાશે.

વોટરશેડ મેનેજમેન્ટ યોજનાના અભ્યાસ માટે સમિતિની રચના

ગાંધીનગર, તા.૨૧

રાજયમાં વોટર શેડ યોજના અને તેના કારણે જનસુખાકારીમાં થયેલા અભિવૃદ્ધિ અંગે અભ્યાસ કરીને સૂચનો કરવા માટેની એક સમિતિનું ગઠન કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકાર દ્વારા રાજયમાં વોટરશેડ મેનેજમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાઓના ખૂબ જ સારા પરિણામો પણ જોવા મળ્યા છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં મળેલી એક ઉચ્ચ

● અનુસંધાન પાન-૭ પર

ભાજપ કેન્દ્રમાં સાથી પક્ષોના સહયોગથી સરકાર બનાવશે : નકવી

ગાંધીનગર, તા.૨૧

આગામી લોકસભા ચૂંટણી બાદ કેન્દ્રમાં અમે સહયોગી પક્ષોને સાથે રાખીને સરકાર બનાવીશું એવો આશાવાદ આજે ભાજપના રાષ્ટ્રીય પ્રવકતા મુકતાર અબ્બાસ નકવીએ વ્યકત કર્યો હતો.

ગુજરાતના એક દિવસના પ્રવાસે આવેલા ભાજપના રાષ્ટ્રીય પ્રવકતા મુકતાર અબ્બાસ નકવીએ આજે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાત લઈને એક બેઠક કરી હતી. જેમાં ભાજપના ચૂંટણી પ્રચાર માટેના ભાવી કાર્યક્રમો અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી. મુખ્યમંત્રી સાથેની મુલાકાત બાદ પત્રકારો સાથેની વાતચીતમાં મુકતાર અબ્બાસ નકવીએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વડાપ્રધાન પદના ઉમેદવાર છે. તેમનો સુશાસનનો રથ આગળ વધી રહ્યો છે. તેમના આ માર્ગમાં કેટલાક લોકો કાંટા નાંખી રહ્યા છે. જો કે ગમે તેટલા કાંટાઓ આવે તેમના સુશાસના રથની ગતિ ધીમી થવાની નથી. આ રથ આગળ જ વધવાનો છે.

તેમણે એવો આશાવાદ વ્યકત કર્યો હતો કે લોકસભા ચૂંટણી બાદ કેન્દ્રમાં અમે સાથી પક્ષોના સહકારથી સરકાર બનાવીશું.

તેમણે જણાવ્યું હતું કે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર થયા બાદ નરેન્દ્ર મોદીએ દેશમાં અત્યાર સુધીમાં ૧૬ જેટલી સભાઓ સંબોધીને લોક સંપર્કો કર્યા છે. હવે આગામી દિવસોમાં ચૂંટણી પ્રચાર માટે કેવા અને કયા કયા સ્થળોએ કાર્યક્રમો કરવા એ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ભાજપના વરીષ્ઠ નેતા એલ.કે. અડવાણી અંગે તેમણે જણાવ્યું હતું કે અડવાણી અમારા પક્ષના વરીષ્ઠ નેતા છે અને ગાંધીનગર લોકસભા બેઠક પરથી ચૂંટણી લડશે. આ વાત અમારા માટે ખૂબ મોટી છે.

બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી હરેન્દ્ર કાન્તિલાલ શાહ(નવીવાડવાળા) ...

સ્થળ :- પ્લોટ નં. ૧૬૮, ... સેક્ટર - ૧૬, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અક્ષી 93 761 80003 93 288 9 3535 89 80 10 1515

આપના અવસરને ઉત્સવ બનાવો...

Videography & Photography મો. ૯૮૨૪૮ ૯૮૧૬૮

vivify Vision Video Films Production

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

BIRLA TYRES

તમામ સાઈઝના ઓરીજીનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પરાગ પટેલ (જાંબુ) મો. ૯૫૧૧૫૮૫૨૭૯
રજનીભાઈ શાહ મો. ૮૮૬૬૧૦૮૬૬૨
નરેન્દ્ર પટેલ (શંભુ) મો. ૯૮૨૪૦૫૪૨૧૪

દિવાની ટાઈલ્સ

રબ્બર અને પેવર બ્લોક મેન્યુફેક્ચરર એન્ડ સપ્લાયર્સ તેમજ ફીટીંગ કરી આપવામાં આવશે

જે.એસ. પટેલ વિદ્યામંદિર સામે, માર્કેટ યાર્ડની બાજુમાં, રાંધેજા, ગાંધીનગર

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

C. C. C. (Customer Care Centre) Gandhinagar District

VINAYAK 500 TMT BARS - ISI ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com